**દરેક વિદ્યાર્થીનું મહત્વ છે સર્વેક્ષણ 2022-23**

પ્રિય પરિવારો,

વિદ્યાર્થી અને કુટુંબના વિચારો અમારા માટે મહત્વપૂર્ણ છે. અમારી વિદ્યાર્થી-વસ્તી અને શાળા સમુદાયોને વધુ સારી રીતે સમજવામાં અમારી મદદ કરવા માટે યોર્ક પ્રદેશ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ વિદ્યાર્થીઓ (ધોરણ કિન્ડરગાર્ટન -12) સાથે દરેક વિદ્યાર્થીનું મહત્વ છે સર્વેક્ષણ હાથ ધરશે.

આ માહિતીનો ઉપયોગ બોર્ડ અને શાળાના આયોજનની માહિતી આપવા માટે કરવામાં આવશે જેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને સુખાકારીમાં સુધારો કરવાનો છે, અવરોધોને ઓળખવા અને દૂર કરવાનો છે અને વધુ ન્યાયપૂર્ણ અને સમાવિષ્ટ શાળા વાતાવરણનું નિર્માણ કરવાનો છે.

સર્વેક્ષણમાં નીચેના પ્રશ્નોનો સમાવેશ થશે:

- સંલગ્નતા અને શિક્ષણ
- સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય
- ઉચ્ચ શાળામાં અભ્યાસક્રમના માર્ગો
- સલામતી, ભેદભાવ અને દાદાગીરી
- સાથીદારો અને સ્ટાફ સાથેના સંબંધો
- સમાન અને સમાવિષ્ટ શૈક્ષણિક વાતાવરણ
- વિદ્યાર્થીની ઓળખ (વસ્તી વિષયક)

વિદ્યાર્થીઓના જૂથો વચ્ચે ભણવાના અનુભવો કેવી રીતે અલગ હોઇ શકે છે તે સમજવા માટે અમે વિદ્યાર્થીઓની ઓળખ (દા.ત., જાતિ અને લિંગ) વિશે પ્રશ્નો પૂછીએ છીએ.

2023ની વસંતઋતુમાં, ધોરણ 4-12ના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી સર્વેક્ષણ પૂર્ણ કરવા માટે આમંત્રિત કરવામાં આવશે અને તેને પૂર્ણ કરવા માટે વર્ગમાં સમય આપવામાં આવશે. ગ્રેડ K-3 ના વિદ્યાર્થીઓને તેમના માતાપિતા, વાલી અથવા સંભાળ રાખનાર સાથે ઘરે સર્વેક્ષણ પૂર્ણ કરવા માટે આમંત્રિત કરવામાં આવશે. કિન્ડરગાર્ટન થી 3 સર્વેના અનુવાદિત સંસ્કરણો ઉપલબ્ધ હશે.

સર્વેક્ષણમાં સમાન પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે, વિવિધ અપવાદો ધરાવતા સહભાગીઓ માટે સમાયોજનની વ્યવસ્થા કરવામાં આવશે. તમારા સંદર્ભ માટે, સર્વેક્ષણ અમલીકરણ પહેલાં બોર્ડની વેબસાઇટ પર સર્વેક્ષણની નકલ ઉપલબ્ધ રહેશે.

સર્વેક્ષણો સ્વૈચ્છિક અને **ગોપનીય** છે પરંતુ અનામી નથી. આનો અર્થ એ છે કે વિદ્યાર્થીઓને તેમની ઓળખની માહિતી, જેમ કે તેમના નામ માટે પૂછવામાં આવશે નહીં. વ્યક્તિગત પ્રતિસાદોની જાણ કરવામાં આવશે નહીં. માહિતીના સંગ્રહ અને જાળવણી માટે બોર્ડની નીતિ અને પ્રક્રિયા #160.0 રેકોર્ડ્સ અને માહિતી વ્યવસ્થાપન ને અનુસરશે.

આ મહત્વપૂર્ણ પહેલ વિદ્યાર્થીઓ અને પરિવારોને તેમના અનુભવો સહિયારા કરવાની તક આપે છે જેથી બોર્ડ વિદ્યાર્થીઓના વિવિધ જૂથોની જરૂરિયાતોને સમજી શકે અને શીખવામાં આવતા અવરોધોને ઓળખી શકે. સર્વેક્ષણોના પરિણામો 2023-24 શાળા વર્ષ દરમિયાન ટ્રસ્ટીઓ, શાળાઓ, બોર્ડ વિભાગો અને લોકો સાથે સહિયારાં કરવામાં આવશે.

સર્વેક્ષણ વિકાસના તબક્કા દરમિયાન પરિવારોને પ્રતિસાદ આપવાની તક મળશે. જ્યારે ઉપલબ્ધ હશે ત્યારે વધુ માહિતીની જાણ પરિવારોને કરવામાં આવશે.

2018 માં, YRDSB એ આપણું 'દરેક વિદ્યાર્થીનું મહત્વ છે**;** એ પ્રથમ સર્વેક્ષણ હાથ ધર્યું હતું અને તે સર્વેક્ષણની માહિતી બોર્ડની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

જો તમને સર્વેક્ષણ વિશે પ્રશ્નો હોય, તો કૃપા કરીને વધુ માહિતી માટે બોર્ડની વેબસાઇટની મુલાકાત લો અથવા research.services@yrdsb.ca નો સંપર્ક કરો.

તમારા સહકાર બદલ આભાર.